શીર્ષક : ટેલીફોનીક માર્ગદર્શનથી જીરુમાં ખેતી ખર્ચ ઘટાડ્યો.



નામ : શ્રી નાગભાઈ દેવાભાઈ સુડાવદરા

ગામ : દેગામ, તા./જી.:પોરબંદર

શ્રી નાગભાઈ એક ખુબ જ ખંતિલા અને જિજ્ઞાસુ ખેડૂત છે. કે.વી.કે. ના એક તાલીમ કાર્યક્રમથી તેઓ ખુબજ પ્રભાવિત થઇ કે.વી.કે.ના નિયમિત સપર્કમાં આવ્યા. આ સંપર્ક તેઓ એ નિયમિત મુલાકાત અને ખાસ કરીને સતત ટેલિફોન દ્વારા કે.વી.કે. ના વૈજ્ઞાનિકો પાસેથી માહિતી / માર્ગદર્શન લઇ જાળવી રાખ્યો. તેઓ પાસે સારો એવો અનુભવ હોવા છતા કે.વી.કે. ના વૈજ્ઞાનિકોની મદદ દ્વારા તેઓની પરંપરાગત ખેતીમાં વૈજ્ઞાનિક અભિગમ આવ્યા. વર્ષ ૨૦૧૦-૧૧ ની રવિ ઋતુમાં તેઓંએ ૧.૨ હેકટરમાં જીરૂનું વાવેતર કરેલ.

વાવેતરથી કાપણી સુધી તેઓએ સતત તેલીફોન તેમજ રૂબરૂ મુલાકાત દ્વારા જીરુમાં પાક પદ્ધતિ, પિયત, રોગ-જીવાત નિયંત્રણ વિગેરે વિશે માહિતી લીધેલ તેઓનું ઉત્પાદન અન્ય ખેડૂતોની સરખામણ એ ૨૦% જેટલું વધારે આવેલ અને ખેતી ખર્ચમાં લગભગ રૂપિયા. ૧૬૦૦૦ નો ફાયદો થયેલ.